# દેવ દિવાળીનું મહત્ત્વ



દેવ દિવાળી એ કારતક પૂર્ણિમાનો તહેવાર છે અને દિવાળીના પંદર દિવસ પછી થાય છે.

દેવ દિવાળી અર્થાત્ 'દેવતાઓની દિવાળી'- દેવતાઓના પ્રકાશનો ઉત્સવ. એ ભારતના ઉત્તર પ્રદેશના વારાણસી શહેરમાં ઉજવાતો કાર્તિક પૂર્ણિમાનો તહેવાર છે. ગંગા નદીના કિનારે આવેલા તમામ ઘાટનાં પગથિયાં, ગંગા દેવીના માનમાં દસ લાખથી વધુ માટીના દીવા પ્રગટાવવામાં આવે છે. પૌરાણિક કથાઓ મુજબ, દેવતાઓ આ દિવસે ગંગામાં સ્નાન કરવા માટે પૃથ્વી પર ઊતરે છે તેવું માનવામાં આવે છે. આ તહેવારને ત્રિપુરા પૂર્ણિમા સ્નાન તરીકે પણ મનાવવામાં આવે છે. દેવ દિવાળીના તહેવારના દિવસે ઘાટ પર દીવા પ્રગટાવવાની પરંપરા છે.

દેવ દિવાળી દરમિયાન, ઘરોને તેલના દીવાઓથી શણગારવામાં આવે છે અને તેમના આગળના દરવાજા પર રંગબેરંગી ડિઝાઈન કરવામાં આવે છે. રાત્રે ફટાકડા ફોડવામાં આવે છે, વારાણસીની શેરીઓમાં શણગારેલા દેવતાઓનું સરઘસ કાઢવામાં આવે છે અને નદી પર તેલના દીવા તરતા મૂકવામાં આવે છે.

ભક્તો દ્વારા કરવામાં આવતી મુખ્ય ધાર્મિક વિધિઓમાં કાર્તિક સ્નાન અને સાંજે ગંગાને દીપદાન તેલથી પ્રગટાવેલા દીવા અર્પણ કરવાનો સમાવેશ થાય છે. સાંજે ગંગા આરતી પણ કરવામાં આવે છે.

દેશભરમાંથી હજારો ભક્તો સાંજે આરતી જોવા માટે ગંગાના ઘાટ પર ભેગા થાય છે. તહેવાર દરમિયાન વ્યવસ્થા સુનિશ્ચિત કરવા માટે સ્થાનિક સરકાર અનેક સઘન સુરક્ષા વ્યવસ્થા કરે છે.

દશમેશ્વર ઘાટ પર આરતી ઉપરાંત, બધી ઇમારતો અને ઘરો માટીના દીવાઓથી શણગારવામાં આવે છે. લગભગ 1,00,000 યાત્રાળુઓ નદીને દીવાઓથી ઝગમગતી જોવા માટે નદી કિનારે આવે છે.

સનાતન ધાર્મિક ગ્રંથો અનુસાર, દૈવી કાળમાં એક વાર ત્રિપુરાસુરના આતંકથી ત્રણે લોકમાં ખળભળાટ મચી ગયો હતો. ત્રિપુરાસુરના પિતા તારકાસુર દેવતાઓના સેનાપતિ કાર્તિકેય દ્વારા માર્યા ગયા હતા. તેનો બદલો લેવા માટે, તારકાસુરના ત્રણ પુત્રોએ ભગવાન બ્રહ્માની સખત તપસ્યા કરી અને તેમની પાસે અમર થવાનું વરદાન માંગ્યું. જો કે ભગવાન બ્રહ્માએ તારકાસુરના ત્રણ પુત્રોને અમરત્વનું વરદાન ન આપીને અન્ય વરદાન આપ્યું હતું. પાછળથી ભગવાન શિવે કારતક પૂર્ણિમાના દિવસે તારકાસુરના ત્રણ પુત્રો એટલે કે ત્રિપુરાસુરનો વધ કર્યો હતો. તે દિવસે દેવતાઓએ ગંગા નદીના કિનારે દીવો પ્રગટાવીને દેવ દિવાળીની ઉજવણી કરી હતી. ત્યારથી દેવ દિવાળી ઉજવવામાં આવે છે. વર્તમાન સમયમાં પણ દર વર્ષે કારતક પૂર્ણિમાના દિવસે દેવ દિવાળી ઉજવવામાં આવે છે. આ કારતક મહિનાની પૂર્ણિમાના દિવસથી ભગવાન શિવને ત્રિપુરારી તરીકે પણ ઓળખવામાં આવે છે. આથી હિંદુ ધર્મના અનુયાયીઓ આ દિવસને સંપૂર્ણ ભક્તિ અને શ્રદ્ધા સાથે ઉજવે છે.

ધર્મરંગ
વ્યોમા સેલર

**દેવ દિવાળીનું મહત્ત્વઃ**

પૃથ્વી પર દેવીદેવતાઓના આગમનની ખુશીમાં કાશીને શણગારવામાં આવે છે. આ ઉત્સવનું ખાસ આયોજન ઉત્તર પ્રદેશમાં કરવામાં આવે છે. આ દિવસે માતા ગંગાના કિનારે ભક્તોની ભીડ જોવા મળે છે.

> કારતક માસ દરમિયાન પૂજા, અનુષ્ઠાન, જપ, તપ અને દીવા દાનનું વિશેષ મહત્ત્વ છે. કારતક મહિનામાં જ દેવી લક્ષ્મીનો જન્મ થયો હતો અને આ મહિનામાં ભગવાન શ્રી હરિ વિષ્ણુ પણ ચાર મહિનાની યોગનિદ્રામાંથી જાગી ગયા હતા

આ દિવસે ગંગામાં સ્નાન કરવાથી વ્યક્તિ મોક્ષની પ્રાપ્તિ કરે છે. આ દિવસે દૂર દૂરથી શ્રદ્ધાળુઓ હરિદ્વારમાં ગંગામાં સ્નાન કરવા માટે યાત્રાએ જાય છે. વારાણસીમાં, આ દિવસે શહીદોને શ્રદ્ધાંજલિ આપીને અને પુષ્પાંજલિ આપીને યાદ કરવામાં આવે છે.

**દીવા પ્રગટાવવાની પરંપરાઃ**

દેવ દિવાળીના દિવસે બનારસમાં અલગ જ ઉત્સાહ જોવા મળે છે. દરિયાકિનારે દરેક બાજુ ગંગા માતાની પૂજા જોવા મળે છે અને દરેક જગ્યાએ દીવાઓનો પ્રકાશ વહેંચવામાં આવે છે. માટીના દીવા પ્રગટાવવાની પરંપરા સૌ પ્રથમ પંચગંગા ઘાટ પર શરૂ કરવામાં આવી હતી.

કાર્તિક પૂર્ણિમાનું હિન્દુ ધર્મમાં વિશેષ મહત્ત્વ છે. કારતક માસ દરમિયાન પૂજા, અનુષ્ઠાન, જપ, તપ અને દીવા દાનનું વિશેષ મહત્ત્વ છે. કારતક મહિનામાં જ દેવી લક્ષ્મીનો જન્મ થયો હતો અને આ મહિનામાં ભગવાન શ્રી હરિ વિષ્ણુ પણ ચાર મહિનાની યોગનિદ્રામાંથી જાગી ગયા હતા. આ દિવસે ગુરુ નાનક જયંતી પણ ઉજવવામાં આવે છે. હિંદુ અને શીખ ધર્મના અનુયાયીઓ દેવ દિવાળી ધામધૂમથી ઉજવે છે.



# પ્રેમનું પૂછડું

બંગાળની હુગલી નદીના કાંઠે, કલકત્તાથી દક્ષિણે, 60 km દૂર બક્ખાલી નામે ગામમાં સંતુદાસ બાઉલનો આશ્રમ છે. એક શિયાળાની બપોરે અમે તેના આશ્રમે પહોંચ્યા. રાત્રિરોકાણ કરવાનું હતું તેથી નિરાંત હતી.

મોડી સાંજે અમે બાઉલ સાથે સત્સંગમાં બેઠા. ભાનુ શેખનાં થોડાં ગીતો તેમણે સંભળાવ્યા. સાથે રહેલ એક મિત્ર શશાંક રેએ પૂછ્યું કે ભાનુશેખ એવું નામ? તે હિન્દુ હતા કે મુસલમાન?

સંતુદાસ હસીને બોલ્યા, ''અમારું વજૂદ એવા બહારના કોઈ ભાગલાથી વિભાગી શકાય તેવું હોતું નથી. અમારો ધર્મ વિશેનો ખ્યાલ સૌથી નિરાળો છે. નામ પરથી ધર્મ સમજવો તે તો 'નામમાત્રનો ધર્મ' એવી વાત થઈ! મારા ભાઈ!''

પછી થોડું રોકાઈને બોલ્યા, ''જગત પરના ધર્મ અને ઉપાસના માટેના ફક્ત ચાર માર્ગો છે. તે છે જ્ઞાન, ભક્તિ, કર્મ, યોગ! આ ચાર માર્ગ સિવાય કોઈ માર્ગે મનેરમાનુષ કહો કે ઈશ્વર કહો કોઈ પણને મળતા નથી. મારા ગુરુ રોશનદાસ કહેતા કે કોઈ પ્રકાંડ વિદ્વાન હોય તો તે વાંચન, મનન, અભ્યાસ અને ગ્રંથ અવલોકનથી જ્ઞાન પ્રાપ્ત કરીને અંતે મનેર માનુષને પ્રાપ્ત કરી લે છે.

**બાઉલ કથા**



લેફ્ટેનન્ટ સતીશ વ્યાસ

જો કોઈ અનન્ય ભક્ત હોય તો શ્રવણ, કીર્તન અને સ્મરણ દ્વારા મનેર માનુષને નજર સામે રાખી પરમ ભક્તિ દ્વારા તેને પ્રાપ્ત કરી લે છે.

કોઈ કર્મ પ્રધાન પ્રકૃતિનો વ્યક્તિ હોય તો તે જનસેવા, પ્રકૃતિ સેવા, પ્રાણી સેવા, કરી, તે બધા જીવોમાં ઈશ્વરને નિહાળી, કર્મ દ્વારા મનેરમાનુષને પ્રાપ્ત કરી શકે છે.

કોઈ યોગી પ્રકૃતિનો વ્યક્તિ, જ્ઞાનને યોગ સાથે સાંકળી જ્ઞાનયોગથી, ભક્તિને યોગ સાથે સાંકળી ભક્તિ યોગથી કે કર્મને યોગ સાથે સાંકળી કર્મયોગથી, મનેરમાનુષને મેળવી શકે છે.

આ ચાર માર્ગ સિવાય અન્ય માર્ગ દેખાતા હોય તો તે આ ચાર માર્ગ સાથે પેટા વિભાગ તરીકે જોડાયેલા હોઈ શકે.''

થોડું રોકાઈ અને બોલ્યો, ''ગુરુ કહેતા કે ધર્મની ગાયના આ જ ચાર પગ છે. તેના પર જ તે ગાય ઊભી છે! તે ચાર પગ દૃઢ રીતે જમીન પર રહેલા છે. તેમાં કોઈ શંકા ન હોઈ શકે. આપણે કોઈ એક પગને પવિત્ર માની, બીજા પગોનો તિરસ્કાર કરતા રહીએ છીએ! તે રીતે તે ગાયપણાની ભાવનાને નુકસાન પહોંચાડીએ છીએ! આ રીતે 'લંગડી ગાય' મનેરમાનુષ સુધી ન પહોંચાડી શકે! તમે કોઈ એક પાદનું સેવન કરો છો તે સારું પણ બીજા પગ પણ એટલા જ પવિત્ર છે! તે વાત મનમાં દૃઢ રાખવી.''

બાઉલને પછી કંઈક યાદ આવ્યું હોય તેમ બોલ્યા, ''ગુરુ કહેતા કે ભાઈ સંતુ! ગાયના પગ તો પવિત્ર ગણાય છે પરંતુ તને ખબર છે તેનું કયું અંગ સૌથી પવિત્ર છે? પછી ગુરુ પોતે જ ઉત્તર આપી અને કહેતા કે ભાઈ તેનું સૌથી પવિત્ર અંગ તો પૂછડું છે! તેને જ સૌથી પવિત્ર ગણવામાં આવે છે! પછી કહેતા આપણી આ ધર્મની ગાયનું પૂછડું પણ સૌથી પવિત્ર છે અને તે પૂછડાનું નામ છે પ્રેમ!''

થોડું રોકાઈ બોલ્યો, ''હા, પ્રેમ વગરનું જ્ઞાન, અહંકારને જન્મ આપે. પ્રેમ વગરની ભક્તિ તો શક્ય જ નથી.

પ્રેમ વગરનું કર્મ, ખાલી ફરજ રૂપે શુષ્ક કર્મકાંડ થઈ જાય અને વગરનો યોગ તે ફક્ત દૈહિક કસરત બની જાય તેથી ગાયના જ્ઞાન ભક્તિ કર્મ યોગ ગમે તે પાદનું સેવન કરતા હો તો પણ તેનું પ્રેમનું પૂછડું પકડી જ રાખવું ! કદાચ આ પાદ સેવન કરતાં કરતાં હાથ તેના પરથી છૂટી જાય તો પણ પકડી રાખેલું પ્રેમનું પૂંછડું વેતરણી પસાર કરાવી અને મનેર માનુષ સુધી ચોક્કસપણે પહોંચાડે.''

પછી શશાંક સામે જોઈ અને બોલ્યા, ''બોલો!

> ગાયના પગ તો પવિત્ર ગણાય છે પરંતુ તને ખબર છે તેનું કયું અંગ સૌથી પવિત્ર છે? પછી ગુરુ પોતે જ ઉત્તર આપી અને કહેતા કે ભાઈ તેનું સૌથી પવિત્ર અંગ તો પૂછડું છે। તેને જ સૌથી પવિત્ર ગણવામાં આવે છે। આપણી આ ધર્મની ગાયનું પૂછડું પણ સૌથી પવિત્ર છે અને તે પૂછડાનું નામ છે પ્રેમ

આવી રીતે જે પ્રેમને જ મનેર માનુષ સુધી પહોંચાડનાર તત્ત્વ માનતા હોય, તેવા ભાનુ શેખને કયા ધર્મનું લેબલ મારવું?''

અમે ચૂપચાપ રહી હુબલીના પ્રવાહનો નાદ સાંભળી રહ્યા.